## ડાયરેક્ટ ❤ સે

સંબંધ
સદીનો હોય
કે ક્ષણનો,
સજીવ
હોવો જોઈએ.

### જન્મદિને વધામણી



ત્રિગુણાબેન એચ જોષી
મો. ૯૧૩૭૪ ૦૧૬૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ દ્વારા સાતમી વાચન શિબિર યોજાઈ




## એએમએ સંચાલિત લાયબ્રેરીની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી

ગાંધીનગર, તા. ૬

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ દ્વારા ત્રિદિવસીય સાતમી વાચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૬૫થી વધુ વિદ્યાર્થીઓએ વાચન અને લેખન પ્રવૃત્તિ પર પોતાની કાર્યદક્ષતા દર્શાવી હતી.

પ્રથમ દિવસે માઈક્રોફિક્શન વાર્તા વિદ્યાર્થીઓ દ્વારા લખવામાં આવી હતી. વક્તા તરીકે ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે છ શબ્દોથી લઈ ત્રણસો શબ્દ સુધીની બધી જ માઈક્રોફિક્શન વિશે વિગતે વાત કરી હતી. બીજા દિવસે વિદ્યાર્થીઓને પોતાના દાદા-દાદીને પત્ર લખવાનું કહેવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સંવેદનશીલ પત્રો દાદા-દાદીને લખ્યા હતા. કુંતલ નિમાવત દ્વારા શ્રેષ્ઠ ગુજરાતી કવિતાઓ અને સાહિત્ય સર્જનની વાત વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી. ત્રીજા દિવસે તા. ૩૦ના રોજ અગાઉના બંને દિવસની સ્પર્ધાનાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમણે લાયબ્રેરીની મુલાકાત લીધી હતી અને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિ વિશે માહિતી મેળવી હતી.

## શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો એનએસએસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સે.૭ ખાતેની ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થિનીઓનો એન. એસ. એસ.નો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો જેમાં ગામનાં સરપંચ પોપટભાઈએ સક્રિય સહકાર પૂરો પાડ્યો હતો.

વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના અને સમાચાર વાંચન કર્યું તથા ગામમાં ગ્રામસફાઈ, સૂત્રોચ્ચાર સાથે રેલી, ગામમાં જાહેર સ્થળો પર સ્વચ્છતા, બેટી બચાવો તથા વ્યસનને લગતા સૂત્રો લખ્યા ગામનાં લોકોને મળીને લોકસંપર્ક કર્યો હતો. સૌ વિદ્યાર્થીઓએ ગરબો તથા બેટી બચાવો નાટક તેમજ વ્યસનમુક્તિ અભિયાન ચલાવ્યું હતું. ગામનાં તમામ પ્રૌઢોને અક્ષરજ્ઞાન આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

સમગ્ર આયોજન તથા સફળ સંચાલન ભાવનાબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય રમીલાબેન એસ ચૌધરીએ સૌ વિદ્યાર્થીનીઓને આ સફળ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જીઆઈપીએસ ખાતે ભૂલકાઓ દ્વારા 'કાર્ટૂન ડે'ની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાયમરી વિભાગના નાના ભૂલકાઓ દ્વારા કાર્ટૂન ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના-નાના ભૂલકાઓના વાલીઓએ કાર્ટૂન માસ્ક બનાવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તથા શાળાના પ્રિ-પ્રાયમરીના શિક્ષણગણ દ્વારા પણ કાર્ટૂનના માસ્ક બનાવીને બાળકોને ઉત્સાહિત કર્યા હતા.

શિક્ષકો તથા બાળકો ભેગા મળીને એક કાર્ટૂનને લગતું નાટક પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ નાટક દ્વારા બાળકને એક મેસેજ પણ આપવામાં આવ્યો હતો કે વારંવાર કાર્ટૂન જોવાથી આંખોની દૃષ્ટિ નબળી પડી જાય છે તેમજ શારીરિક અને માનસિક વિકાસ બાધકરૂપ નીવડે છે. આમ નાના ભૂલકાઓ ખૂબ આનંદપૂર્વક કાર્ટૂન ડે માણ્યો હતો.

## જીએલએસ યુનિવર્સિટીનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન મૅનેજમૅન્ટમાં અભ્યાસ કરતી દૃષ્ટિ દિલીપકુમાર પટેલે માર્કેટિંગ ક્ષેત્રમાં વર્ષ ૨૦૧૭નો ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

ક્લાયમેટ ચેન્જ રિસર્ચ યુનિટ, ફિનીચ યુનિવર્સિટી ઑફ પ્રિન્સ એડવર્ડ, ઈંગ્લેન્ડના ડિરેક્ટર ડૉ. ઍડમ ફિનીચના હસ્તે આ ગોલ્ડ મેડલ દૃષ્ટિને એનાયત કરવામાં આવ્યો હતો. આ સાથે જ દૃષ્ટિએ વર્લ્ડની બે યુનિવર્સિટીઝમાં ટૉપ પર જે યુનિવર્સિટીનું નામ લેવાય છે તેવી ડીકિન યુનિવર્સિટીમાં ૧૫ ટકા સ્કૉલરશીપ સાથે માસ્ટર ઑફ ઈન્ટરનેશનલ એકાઉન્ટિંગના અભ્યાસક્રમ માટે પોતાનો પ્રવેશ નિશ્ચિત કરી લીધો છે.

ઉલ્લેખનીય છે કે સામાન્ય પરિવારની દીકરી દૃષ્ટિએ પોતાની અથાગ મહેનત અને મક્કમ નિર્ધારથી આ સિદ્ધિ હાંસલ કરી છે અને પોતાની અપૂરતી આર્થિક પરિસ્થિતિને અવગણીને પણ તે પોતાના માતા-પિતાનાં સ્વપ્નો પૂરાં કરવા કટિબદ્ધ છે.


# ચિલોડા હાઈસ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા દ્વારા તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ઐતિહાસિક ચૌટીલા, માટેલ, ખોડલધામ, અંજાર જેસલ-તોરલની સમાધિ, ભૂજ સ્વામીનારાયણ મંદિર, મ્યૂઝિયમ, કિલ્લો, તળાવ, કાળો ડુંગર, સફેદ રણ, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, માંડવી વગેરે સ્થળોની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. શાળાના આચાર્ય સી એચ પટેલ સહિત શિક્ષકો પણ આ શૈક્ષણિક પ્રવાસમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## એસ જી શાળાનું ગૌરવ




વર્ષાન્તે ચેન્નઈ ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની અલોહા મૅથ્સ સ્પર્ધામાં ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૭ ડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મેઘવ ઍસ દરજીએ દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા દ્વારા મૅડલ અને પ્રમાણપત્ર અર્પણ કરીને વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન દ્વારા

# લૂઈ બ્રેઈલનો જન્મદિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

બ્રેઈલ લિપીની શોધ કરનાર લૂઈ બ્રેઈલનો જન્મદિવસ ગાંધીનગર ખાતે ઉજવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન ખાતે નવજીવન સંસ્થાના અંધ વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે અભિયાનના જોઈન્ટ ડિરેક્ટર ડી એ પટેલ, એઍસપીડી ઍમ ઍમ જાની અને બી ઍમ સોલંકીએ ઉપસ્થિત રહી આ ઉજવણીમાં પોતાની સહભાગીદારી નોંધાવી હતી.



પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના હસ્તે કેક કપાવીને આ ઉજવણીને સાર્થક કરવામાં આવી હતી. એક વિદ્યાર્થીએ બ્રેઈલ લિપિમાં લખેલો શુભેચ્છા પત્ર ડી એ પટેલને અર્પણ કર્યો ત્યારે કચેરીમાં સંવેદનશીલ પળોનું નિર્માણ થયું હતું.

આ ઉજવણીને સફળ બનાવવા માટે વિશ્વાસ મિસ્ત્રી, રમેશ દેસાઈ અને જિજ્ઞેશ રાવલ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે કચેરી દ્વારા ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતા ૨૪૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને શિક્ષણની સહાય કરવામાં આવે છે.

# જીટીયુ દ્વારા સ્માર્ટ સિટીને લગતા ત્રણ નવા ઈ-કોર્સ

## કોર્સના અનુસંધાને ગાંધીનગર ખાતે ૪ કરોડના ખર્ચે સ્માર્ટ સિટી સેન્સર લેબ બનાવવાનું આયોજન

ગાંધીનગર,તા. ૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તરફથી સ્માર્ટ સિટીને લગતા ત્રણ નવા ઈ - કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. આ નિર્ણયના પગલે હવે વિદ્યાર્થીઓ સ્માર્ટ સિટીનો અભ્યાસ કરી શકશે. હાલમાં આ કોર્સને મંજુરી માટે જીટીયુની એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મુકવામાં આવ્યો છે. મંજૂરી મળ્યા બાદ આ કોર્સમાં ૧૭ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ અરજી કરી શકાશે તેમ જીટીયુના સુત્રોએ જણાવ્યું હતું. આ કોર્સ કરવા માટે વિદ્યાર્થીઓએ જીટીયુ સુધી લાંબા થવાની ફરજ પડશે નહીં. તમામ કોર્સ ઓનલાઈન ઉપલબ્ધ હોવાના પગલે વિદ્યાર્થીઓ પોતાની રીતે જ અભ્યાસ કરી શકશે. આ કોર્સના અનુસંધાને ગાંધીનગર ખાતે રૂ. ૪ કરોડના ખર્ચે સ્માર્ટ સિટી સેન્સર લેબ બનાવવાનું પણ નક્કી કરાયું છે. જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. નવીન શેઠે આ માહિતી આપતા કહ્યું હતુંકે, ભારત સરકાર દ્વારા ૬૦ સ્માર્ટ સિટી બનાવાની જાહેરાત અગાઉ થઈ ચૂકી છે અને વધુ ૪૦ સ્માર્ટ સિટી જાહેર કરવામાં આવનાર છે ત્યારે આપણા દેશમાં સ્માર્ટ સિટીને લગતા વ્યાવસાયિકોની જરૂરિયાત ઊભી થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને જીટીયુ દ્વારા વધુ ઈ-કોર્સ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં રૂ. ૪ કરોડના ખર્ચે સ્માર્ટ સિટી સેન્સર લેબ બનાવવામાં આવશે. જીટીયુ દ્વારા હાલમાં ઉપલબ્ધ સ્માર્ટ સિટીને લગતા ઈ - કોર્સમાં સ્માર્ટ સિટી પ્લાનિંગ અને ડેવલપમેન્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, સૌર ઊર્જા એપ્લિકેશન, ગ્રીન બિલ્ડિંગ, કચરાના નિકાલની વ્યવસ્થા, સ્માર્ટ પરિવહન, સુરક્ષા, સલામતી અને આફત મેનેજમેન્ટ, સ્માર્ટ વિલેજનુ પ્લાનિંગ અને ડેવલપમેન્ટ, સ્માર્ટ ઈ-ગવર્નન્સ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, અવિરત સ્માર્ટ ભંડોળ વગેરે કોર્સનો સમાવેશ થાય છે, એવી માહિતી જીટીયુના પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સ્માર્ટ સીટીઝના નિયામક પ્રો. રજનીકાંત પટેલે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક કોર્સ છ મહિનાના રહેશે અને તે જાન્યુઆરી ૨૦૧૮ થી શરૂ થશે. આ કોર્સ કરવા જીટીયુ સુધી આવવાની જરૂર નહી રહે કારણકે આ કોર્સ ઓનલાઈન ઉપલબ્ધ બનશે. કોઈપણ વ્યક્તિ સપ્તાહના આઠથી દસ કલાક ઓનલાઈન અભ્યાસ કરીને તેની પરીક્ષા આપી શકશે. આ કોર્સમાં લેક્ચર ઉપરાંત કેસ સ્ટડીઝ, વિડિયો, ગ્રુપ ડિસ્કશન અને ઓનલાઈન ચર્ચા વિડીયો કોન્ફરન્સ વડે કરવામાં આવશે.

# અમદાવાદ ઝોનની સ્કૂલ્સને ૧૭ જાન્યુઆરી સુધીમાં ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવા સૂચના

ગાંધીનગર, તા. ૬

હાઈકોર્ટના ચુકાદા બાદ સ્કૂલો કે જેમણે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી તેમને ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવા માટે ત્રણ સપ્તાહનો સમય અપાયો હતો. અમદાવાદ ઝોનમાં એક પણ સ્કૂલ દ્વારા ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવામાં આવી ન હોઈ ડીઈઓ દ્વારા પરિપત્ર કરી આવી સ્કૂલોને ૧૭ જાન્યુઆરી સુધીમાં ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવા માટે સુચના આપી છે. આમ, હવે ડીઈઓના આદેશ બાદ સ્કૂલો દરખાસ્ત માટે ગંભીર બને તેમ જણાય છે. જોકે, હજુ સુધી કોઈ પણ સ્કૂલ દ્વારા દરખાસ્ત કરાઈ ન હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. અનુસાર સરકારના ફી નિયમન વિધેયક સામે ખાનગી સ્કૂલો હાઈકોર્ટમાં ગઈ હતી. હાઈકોર્ટમાં વાલીઓની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો અને જે સ્કૂલો કોર્ટમાં ગઈ છે અને ફી કમિટી સમક્ષ હજુ સુધી દરખાસ્ત કરી નથી તેમને ત્રણ સપ્તાહનો સમય દરખાસ્ત માટે આપ્યો હતો. હાઈકોર્ટના ચુકાદાને પણ એક સપ્તાહનો સમય થવા આવ્યો પરંતુ હજુ સુધી એક પણ સ્કૂલે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી ન હોવાનું બહાર આવ્યું છે. જેના પગલે ડીઈઓએ પરિપત્ર બહાર પાડી આવી સ્કૂલોને ૧૭ જાન્યુઆરી સુધીમાં દરખાસ્ત કરવા માટે આદેશ કર્યો છે. નોંધનીય છે કે, અમદાવાદ ઝોનમાં કુલ ૧૦ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ ૧૦ જિલ્લામાંથી ફી કમિટી સમક્ષ ૪૩૫૦ જેટલી સ્કૂલોએ એફીડેવીટ રજૂ કરી હતી. જેમાં ૩૮૯૨ સ્કૂલો એવી હતી કે જેમની ફી સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા માળખા કરતા ઓછી હતી. જ્યારે ૪૫૮ સ્કૂલો એવી હતી કે જેમણે ફી ઘટાડો કરી કમિટી સમક્ષ એફિડેવીટ કરી હતી. આ સ્કૂલોના ફી કમિટી દ્વારા ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૨૫૨ સ્કૂલોએ સરકાર દ્વારા નક્કી કરાયેલી ફી કરતા વધુ ફી વસુલવા માટે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી હતી. જોકે, દરખાસ્ત રજૂ કરેલી સ્કૂલો પૈકી ૯૮ સ્કૂલ સંચાલકો હિયરીંગ દરમિયાન ફી ઘટાડા માટે તૈયાર થઈ ગયા હતા. જ્યારે ૬૬ સ્કૂલો દરખાસ્ત કર્યા બાદ કોર્ટમાં ગઈ હતી. જેથી આ સ્કૂલોની ફી નક્કી કરવાનું પેન્ડીંગ રાખવામાં આવ્યું છે.

### નવી પેઢીને ગાયનું મહત્ત્વ સમજાય તે માટે

# ગૌસેવા આયોગ દ્વારા ૧૬મીથી ગૌકથા યોજાશે

## ભાગવત વિદ્યાપીઠ ખાતે નવ દિવસીય 'ગૌ ફેસ્ટ-૨૦૧૮' : ગૌ કેફેમાં સૂંઠ અને ગંઠોડાવાળા દૂધ, ગાયના દૂધની મીઠાઈ સાથે ગૌ-ચર્ચાનું આયોજન થશે

ગાંધીનગર, તા. ૬

તા.૧૬થી ૧૮મી જાન્યુઆરી સુધી ગૌસેવા આયોગ તરફથી ગૌ કથાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ગૌકથામાં વ્યાસપીઠેથી ગાયનું માહાત્મ્ય સમજાવવામાં આવશે. ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અને અભિન્ન અંગ એટલે ગૌમાતા છે. જેની પૂજા અને ગૌદાન કરવાથી તથા પંચગવ્યનો ઉપયોગ કરવાથી આરોગ્યની પ્રાપ્તિ થતી હોય છે.

ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે મકરસંક્રાંતિ નિમિત્તે એક વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નવી પેઢી ગાય માતા પ્રત્યે રસ ધરાવતી થાય અને દ્વઈ (બિન નિવાસી ભારતીયો)ને પણ રસ પડે એ પ્રકારે ગાય માતાના એક વિશિષ્ટ મહોત્સવ તરીકે નવ દિવસીય 'ગૌ ફેસ્ટિવલ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ તા.૧૩મી જાન્યુઆરીથી થશે. જે અંતર્ગત ગૌપૂજન, ગૌ કાફે જેવા વિશિષ્ટ આકર્ષણનો પણ સમાવેશ થાય છે. સાથે જ ગૌ માહાત્મ્ય પણ સમજાવવામાં આવશે.

આ અંગે ભાગવત વિદ્યાપીઠ, સોલાના ભાગવત ઋષિજીએ જણાવ્યું કે ગાય પ્રત્યે બાળકો અને યુવાવર્ગમાં આકર્ષણ જાગે અને ગાયનાં દર્શને આવે તે માટે મકરસંક્રાંતિ નિમિત્તે વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે મકરસંક્રાંતિ નિમિત્તે ગાયનું પૂજન તો કરવામાં આવતું હોય છે, પરંતુ સતત નવ દિવસ સુધી આ પ્રકારના ગૌદાન ફેસ્ટિવલનું સૌપ્રથમ વખત આયોજન થઈ રહ્યું છે. જે એકમાત્ર હેતુ નવી પેઢી સુધી ગાય માતાનું મહત્ત્વ સમજાય તે માટેનો છે. ભારતીય પરંપરામાં અને શ્રીમદ્ ભાગવતમાં ગાયનું ખૂબ જ મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. નવી પેઢી વૈજ્ઞાનિક રીતે પણ ગાયનાં પંચગવ્યનો ઉપયોગ સમજી શકે તે માટે આ મહોત્સવ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. અનેક લોકો ગૌમૂત્ર અર્ક વગેરેનું સેવન કરતાં હોય છે અને તેમને સ્વાસ્થ્યનો ફાયદો પણ જોવા મળતો હોય છે. એ જ રીતે યજ્ઞાદિ વગેરેમાં પંચગવ્યનો જે પ્રયોગ કરવામાં આવે છે, તે પણ સમજાવવામાં આવશે. મહત્ત્વની બાબત એ છે કે ગત વર્ષે આયોજિત ગૌ ફેસ્ટિવલમાં હજારો લોકો આવ્યા હતા અને તેને કારણે આ વર્ષે સવિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે ગૌપૂજન, ગૌસેવા, ગૌદાન, ગૌ માહાત્મ્ય, ગૌ કેફે વગેરેનું આયોજન તા.૧૩મી જાન્યુઆરીથી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતેની લક્ષ્મીનારાયણ ગૌશાળા ખાતે તા.૨૧મી જાન્યુઆરી દરમિયાન સવારે ૮.૦૦થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦થી ૭.૦૦ દરમિયાન આ મહોત્સવ યોજાશે. જે અંતર્ગત તા.૧૩થી ૧૫ જાન્યુઆરી દરમિયા ગૌદાન – ગૌપૂજા થશે. ગૌપૂજન અંતર્ગત ગૌ આરતી, તિલક, પૂજા, અગ્નિહોત્ર, પૂંછપૂજન વગેરે થઈ શકશે. જ્યારે ગૌદાન અંતર્ગત ભક્તો યથાશક્તિ દૈનિક, માસિક, વાર્ષિક દાણ, લીલો ઘાસચારો, સૂકો ઘાસચારો, ગોળ વગેરે અર્પણ કરી શકે છે. જ્યારે તા.૧૯મી જાન્યુઆરીના રોજ સમગ્ર ગુજરાતની ગૌશાળાના પ્રેમીઓ તથા મહાનુભાવો આ દિવસે ઉપસ્થિત રહેશે. જ્યારે તા.૨૦મી જાન્યુઆરીના રોજ પશુ નિદાન કેમ્પ અને બપોરે પ્રદર્શન તથા ગૌ આધારિત બાય પ્રોડક્ટ અંગે પ્રદર્શન પણ યોજાશે. જ્યારે ગૌ કેફેમાં સૂંઠ-ગંઠોડાયુક્ત દૂધ, ગાયના દૂધની મીઠાઈ, છાશની સાથે ગૌ ચર્ચા, મંતવ્ય તથા બાસુરીના નાદ અને ઢોલ ઢબૂકીઓ ગૂંજી ઊઠશે.